ISSN 2454 8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA
An International Multidisciplinary Research e-Journal

# વેદ: મૂલ્યશિક્ષણનું વિચારબીજ

**Dr. Madhubhai M. Hirpara**

**Darbar Gopaldas Shiskshan Mahavidayalaya Aliyabada**

ISSN 2454 8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA An International Multidisciplinary Research e-Journal

## પ્રસ્તાવના :

સંસ્કૃત ભાષા ભારતવર્ષની સંસ્કાર ભાષા છે. ભારતની પ્રતિષ્ઠા સંસ્કૃત અને તેની સંસ્કૃતિ થકી છે. સંસ્કૃતિ સંસ્કૃત વગર એવી પ્રતિત થાય જાણે કે પ્રાણ શૂન્ય દેહ. એટલે જ કહેવાયું છે કે भारतस्य प्रतिष्ठे द्वे ।

જીવનનું પરમ લક્ષ્ય માનવતાવાદનો વિકાસ તેમજ શાશ્વત માનવીય મૂલ્યો, નૈતિક મૂલ્યો, આધ્યાત્મિક મૂલ્યો, સામાજીક અને સાંસ્કૃતિક મૂલ્યોના નિર્વહન અને વિશ્વ માનવતાવાદની પ્રસ્થાપના માટે સતત પ્રેરણાદાયી સ્વરૂપની જાણકારી મેળવ્યા વગર આપણે ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાને ક્યારેય જાણી નહી શકીયે. જ્યારે પણ શિક્ષણક્ષેત્રે ભારતીય સભ્યતા અને સંસ્કૃતિનો પ્રશ્ન ઉઠે છે ત્યારે આપણે ચિર સંચિત અતિતની તરફ દ્રષ્ટિપાત કરીએ છીએ અને આપણા સાંસ્કૃતિક અને સાહિત્યિક વારસાની સાચી અનુભૂતિ કરીએ છીએ. પ્રગતિવાદની દોડમાં આજના સમાજમાં ચારે તરફ નૈતિક, સામાજીક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક મૂલ્યોનો જાણે હ્રાસ થઇ રહ્યો છે. એવા સમયે મૂલ્ય શિક્ષણની અનિવાર્યતા ઉભી થઇ છે.

ભારત મૂલ્યો પ્રસ્થાપિત કરવાની બાબતમાં સમગ્ર જગતનો ગુરુ રહ્યો છે. ભારતીય સંસ્કૃતિમાં મૂલ્ય પ્રસ્થાપનના બીજ અતિ પ્રાચિનકાળમાંજ રોપાયેલા જોવા મળે છે. ચિર કાળથી સંસ્કૃત સાહિત્યમાં સ્થાયેલા સંસ્કૃતિના આધારભૂત ગ્રંથો વેદ-પુરાણો-ઉપનિષદો-સ્મૃતિગ્રંથો અને ભાષ્યોમાં સંચિત મૂલ્ય પ્રસ્થાપનની સંપદા પ્રાપ્ત થાય છે.

## મૂલ્ય શિક્ષણનું સ્વરૂપ

સંસ્કૃત સાહિત્યમાં મૂલ્ય શબ્દને નીતિ, રીતિ, નૈતિકતા, સંસ્કાર, આદર્શ, લક્ષણ વગેરે જેવા અર્થમાં ઓળખાવાયો છે. સંસ્કૃતમાં 'णीञ = ની' ધાતુઓનો અર્થ છે- જવું લઇ જવું તથા રક્ષા કરવી તેમાથી નીતિ શબ્દ બન્યો છે. જેને મૂલ્યના અર્થમાં વારંવાર વપરાયો છે. જેનો અર્થ છે. -''એનો વ્યવહાર જેને અનુકૂળ થઇને ચાલવાથી સ્વયંની અને બીજાની રક્ષા થઇ શકે. બધાનું સાચુ હિત થાય એવી નીતિના મૂલ્યની શિક્ષા કે જેનાથી સમાજના પ્રત્યેક વ્યક્તિનું કલ્યાણ થતું રહે.''

નીતિ શાસ્ત્ર અચાર વિચારોનું વિશ્લેષણ તથા વિવેચન કરીને નિષ્કર્ષ કાઢે છે અને માનવજીવનમાં તેનું અમલીકરણ કરીને સ્વચ્છ - નિષ્પાપ બનવાની શિક્ષા આપે છે.

શિક્ષા માનવના સર્વાંગિણ વિકાસની કુંજી છે જે શિક્ષા વ્યક્તિમાં નૈતિક ગુણનો વિકાસ કરે તેમના ચરિત્રને ઉજ્જવલ બનાવે અને માનવતાના ઉદ્દાત ગુણોને જાગૃત કરી સારા નરસાનો ભેદ સમજાવે તે મૂલ્ય શિક્ષણ.

## મૂલ્ય શિક્ષા શાસ્ત્રનું આધસ્ત્રોત- વૈદિક સાહિત્ય.

'सर्व वेदात प्रसिध्धति' એ ભારતીય સિધ્ધાંત અનુસાર વૈદિક સાહિત્યમાં સમસ્ત વિદ્યાઓ પ્રાદુર્ભૂત થઇ છે. વિશ્વના સંવિધાન રૂપ મૂલ્યો, સંસ્કારો, નીતિ આચરણ વિચારો વૈદિક સાહિત્યમાં બહુમૂલ્ય રત્નોની જેમ સચવાયેલા જોવા મળે છે.

ISSN 2454 8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA An International Multidisciplinary Research e-Journal

પ્રવર્તમાન સમયમાં જે મૂલ્યોનું શિક્ષણ આપવું અનિવાર્ય બની ગયું છે, તેવા સાશ્વત મૂલ્યોનું [illegible] હજારો વર્ષ પહેલા રચાયેલા વૈદિક વિચારોમાં કંઇક આ અંશે જોવા મળે છે.

- सत्यं वद । धर्मं चर । स्वाध्यायान्मा प्रमदः । सत्यान्न प्रमदितव्यम् । धर्मान्न प्रमदितव्यम् । कुशलान्न प्रमदितव्यम् । भूत्यै न प्रमदितव्यम् । स्वाध्याय प्रवचनाभ्यां न प्रमदितव्यम् । देव पितृ कार्याभ्यां न प्रमदितव्यम् । 'मातृदेवो भवः । पितृदेवो भवः । गुरुदेवो भवः ।' अतिथि देवो भवः ।

## ऋग्वेद -

- शुद्धाः पूता भवत यज्ञियासः । (१०/१८/१२)
○ શુધ્ધ, પ્રવિત્ર અને પરોપકારમય બનો.
- देवानां सख्मुप सेदिमा ( १/८९/२)
○ વિદ્વાનોની મૈત્રી કરો.
- उप सर्प मातरंभूमिम् । (१०/१८/१०)
○ માતૃભૂમિની સેવા કરો.
- यतेमहि स्वराज्ये । (१०/१८/९)
○ સ્વરાજ્ય માટે સદા યત્ન રહો.
- कृषिमित् कृषस्वं । (१०/५/११)
○ ખેતીવાડી કરો.
- न ब्रूयात् सत्यमप्रियम् । (३/७/१)
○ એવું સત્ય ન બોલો જે સાંભળનારને અપ્રિય લાગે.
- अन्नं न निन्धात् । (४/१७/१)
○ અન્ની નિંદા ન કરો.
- अक्षैर्मा दीव्यः । (३/८/२)
○ જૂગાર ન રમો.
- न परस्त्रियमुपेयात् । (१०/९/४)
○ પરસ્ત્રી પ્રત્યે કુદ્રષ્ટિ ન કરો.
- मा हिंसीः पुरुषान् पशूंश्च । (१०/५/११)
○ મનુષ્ય અને પશુઓને ( મન, કર્મ અને વાણીથી) કષ્ટ ન આપો.
- न मांसमश्नीयात् । (६/२३/२)
○ માંસ ન ખાવું જોઇએ.
- न सुरां पिबेत् । (४/१/११)
○ મદ્યપાન કરો, નહિ.
- 'केवेलाधो भवति केवलादी' । (ऋग्वेद - १०/११७/६)
○ જે મનુષ્ય એકલો ખાય છે તે એકલો પાપનો ભોગ બને છે.
- 'न ऋते श्रान्तस्य सखाय देवाः ।' (ऋग्वेद - १०/११७/४)
○ પરિશ્રમ કર્યા વિના દેવતા ( પણ) સહાયક બનતા નથી.
- 'सं गच्छध्वं सं वद्ध्वं सं वो मनांसि जानताम् ।' (ऋग्वेद - १०/१९१/२)
○ એક સાથે ચાલો, એક સાથે બોલો, તમારું મન બધુ એક છે તેમ સમજે.

### यजुर्वेद -

- ऋतस्य प्रथा प्रेत । (७/४५)
: સત્યના રસ્તે ચાલો.
- तन्मे मन: शिवसङ्कल्पमस्तु (६४/१)
: મારું મન ઉત્તમ સંકલ્પો વાળું બને.
- वृध्ध सेवया नित्यम् । (११/६)
: નિત્ય વૃધ્ધોની સેવા કરો.
- भूत्यै न प्रमदितव्यम् । (७/१४)
: સંપત્તિનો દૂરઉપયોગ ન કરો.
- ऋतस्य पथा प्रेत । (१/९)
: સત્યના રસ્તે ચાલો.
- कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतं समा: । (७/५)
: કર્મ કરતા કરતા સો વર્ષ જીવવાની ઇચ્છા રાખો.
- विनयस्य मूलं विनय: । (१२/१)
: વિનયનું મૂળ વિનય ધારણ કરવામાં છે.
- विधैव सर्वम् । (११/३)
: વિદ્યા જ સર્વસ્વ છે.

### सामवेद -

- 'स्तुहि सत्य धर्माणाम् ।' (सामवेद – ३२)
: સત્ય નિષ્ઠ (વ્યક્તિ) ની પ્રશંસા કરો.

### अथर्ववेद -

- देवानां सुमतौ स्याम । (६/४७/२)
: વિદ્વાન લોકોના ઉપદેશ અનુસાર રહો.
- सर्वेषु यशस: स्याम । ६/५८/२)
: સમસ્ત જીવોમાં યશસ્વી બનો.
- अरिष्टा: स्याम तन्वा सुवीरा: । (४/६/५)
: શરીરથી નિરોગી અને ઉત્તમ વીર બનો.
- मधुमर्ती वाचमुदेय । (१३/२/२)
: મધુર વાણી બોલો.
- मा पुरा जरसो मृथा: (५/३०/१७)
: વૃધ્ધાવસ્થા પહેલા ન મરો.

- 'मित्र स्याहं चक्षुषा सर्वाणि भूतानि समीक्षे ।' (मां – सं – ३८/८)
0 હું બધાજ પ્રાણીઓ (માનવ) ને મિત્રની દ્રષ્ટિથી જોઉં.

ISSN 2454 8596
www.vidhyayanaejournal.org

VIDHYAYANA
An International Multidisciplinary Research e-Journal

- 'श्रध्धा माता ।' (९०)
: શ્રધ્ધા જ જનની છે.
- 'मा गृध: कस्य स्विदधनम् ।' (इश – १)
: કોઇના ધનથી આકાંક્ષા ન કરવી જોઇએ.
- 'नाना श्रान्त स्य श्री रस्ति ।' (एते – ६)
: પરિશ્રમ વગર શ્રી (સમ્પતિ) પ્રાપ્ત થતી નથી.
- अहरर्गर्व: परित्यायताम् !' (बृह – ११)
: સદાય ગર્વનો પરિત્યાગ કરો.
- सह नौ यश: । सह नौ ब्रह्मवर्चसम् । (तैतिरीयो १/३)
: અમારા બંનેનો (આચાર્ય અને શિષ્યનો) યશ એક સાથે વધે. બ્રહ્મતેજ (વિદ્યા) એક સાથે વધે.
- धृति: क्षमा दमोडस्तेयं शौचमिन्द्रियनिग्रह: ।
  धीर्विधा सत्यमक्रोधो दशकं धर्मलक्षणम् ॥ (मनु ६/९२)
: ધૈર્ય, ક્ષમા, દમ, અસ્તેય, શૌચ, ઇન્દ્રિય, નિગ્રહ, ધી (બુધ્ધિ), વિદ્યા, સત્ય અને ક્રોધ હિનતા – આ દસ ધર્મના (માનવજીવનનાં) લક્ષણો છે.
- सहना ववतु । सहनौ भुनक्तु । सह वीर्य करवा वहै ।' (कठो पनिषद – १/१)
  उतिष्ठ जाग्रत प्राप्य वरान्निबोधत् ।

આવા અનેક મૂલ્યોનું જ્ઞાન વૈદિક સાહિત્યની સૂક્તિઓ, રૂચાઓ, શ્લોકોનું વિશ્લેષણ કરતા આપણને પ્રાપ્ત થાય છે.

## ઉપસંહાર

અંતમાં શૈક્ષણિક સંસ્થાઓમાં વિભિન્ન નૈતિક, સામાજિક, સાંસ્કૃતિક, પર્યાવરણ સમ્બન્ધી, સૌંદર્યપરક, લોકતાંત્રિક અને રાષ્ટ્રીય તથા આધ્યાત્મિક મૂલ્યોનો વિકાસ થતો રહે, સંવર્ધિત થતા રહે અને સમાજની શિક્ષણ જગત પાસે જે અપેક્ષાઓ છે તે પરિપૂર્ણ થાય તે જરૂરી છે.

આવો ... આપણા વૈદિક સાહિત્યના આધારે શિક્ષક અને શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા શિક્ષણ જગતની વર્તમાન અને આવતી પેઢીને સાચા મૂલ્યો અને આદર્શો શિખવીએ અને એ પ્રાપ્ત મૂલ્ય શિક્ષણ દ્વારા સમાજના યોગ્ય નાગરિક બનાવી રાષ્ટ્રને ઉન્નત, સમૃધ્ધ અને ગૌરવશાળી બનાવીએ અને સ્વસ્થ સમાજની રચના કરીએ.

અસ્તુ.

સંદર્ભ

- शास्त्री, वे. : वेदमे शिक्षाशास्त्र. वाराणसी : चौखम्बा प्रकाशन, १९९८.
- तिवारी, भो : वैदिक साहित्य विचार, वाराणसी : चौखम्बा प्रकाशन, १९८३
- वायस्पति, र. : वेद एवम् संस्कृति, बेंग्लोर : संस्कृत भारती प्रकाशन, १९९०.
- Windo, Max. E. : Philosophies of sanskrit Education : New Delhi : Atlantic Publishers. 2001.
- www. Sanskrit.gde to
- www. realiation.org
- www. dalitstan.org